CAE-058-059 Seat No. ________

# B. A. (Sem. V) Examination

January - 2022

## Gujarati : CC-510

(1) અપઠિત

(2) સાહિત્યિક નિબંધો (Option-II)

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

## (1) અપઠિત

1 નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેનો સંક્ષેપ કરો. 18

કલાકાર બનવું. લેખક બનવું એ કંઈ નાનીસૂની જવાબદારી નથી. ખાસ કરીને અત્યારના સમયની વૈષમ્યભરી સ્થિતિમાં આપણો યુગ જેને ચિંતાયુગ તરીકે ઓળખવામાં આવે છે, તેનું જો કોઈ મુખ્ય આહવાન હોય તો તે છે સંપૂર્ણ રીતે શીર્ણ થઈ જવાનો ભય. જેમ જેમ વિજ્ઞાન અને યંત્રશાસ્ત્ર આગળ વધતાં જાય છે તેમ તેમ સભ્યતા અને સંસ્કૃતિનો હ્રાસ થતો જતો લાગે છે. યંત્રશાસિત સમાજ વૈયક્તિકતાને ભૂંસવા કરે છે. વ્યક્તિના લગભગ લોપની દશા હાથવેંતમાં છે. સમૂહ માનવનું ઉત્થાન માનવીના ગૌરવને હાનિ પહોંચાડી રહ્યું છે. સમૂહ વિચાર ક્રાંતિના સાધનો બૌધિક જીવનના ટુકડે ટુકડા કરી રહ્યા છે અને માણસને એક નવીન પ્રકારનો બર્બર

[ Contd...

બનાવી રહ્યા છે. દેખીતી રીતે એ કલાના ગંજ ઉપર અને જીવન અંગેની અઢળક માહિતી ઉપર જીવતો હોય છે. સૌંદર્ય એ પોતાને પોસાતી એક શોખની વસ્તુ કરતાં કંઈક વિશેષ છે અને જ્ઞાન યંત્રશાસિત સમાજ જીવનમાં સગવડભર્યા ગુજારા માટે સજ્જતા આપનાર વસ્તુ કરતા કંઈક વધારે છે.

- ઉમાશંકર જોશી

**અથવા**

1 નીચે આપેલા ગદ્યખંડનો મધ્યવર્તી વિચાર તારવી તેનો સંક્ષેપ કરો. 18

વ્યક્તિ માટે શું કે સમાજને માટે શું જીવનના ત્રણ પ્રકાર છે. મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ. આને જ જીવન કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે એટલો જ એમાં લાભ છે. પણ એમાં જીવનસાફલ્ય નથી. બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. દરેક જાતિ, રાષ્ટ્ર કે ધર્મ પોતાની વિશેષતાને કારણે જ એકાંગી હોય છે. એકબીજાના સહકારથી એ એકાંગીપણું મટી જાય છે અને તેથી જીવનનો વિકાસ થાય છે. આમાં જીવનનો ઉત્કર્ષ છે, પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી દેખાતી. જીવન પણ અંતે આત્મસાક્ષાત્કારનું સાધન જ છે. એ સાર્થક્ય ધ્યાનમાં આવ્યા પછી સ્વાર્પણ માટે જીવવું એ મનુષ્યહૃદયને સ્ફુરે છે. આ સ્વાર્પણ દ્વારા જે જીવન લાધે છે તે કંઈ જુદું જ છે. એ મારફતે જ જીવનનો પરમ ઉદ્દેશ્ય સમજાય છે અને સફળ થાય છે.

- કાકા કાલેલકર

[ Contd...

17

નીચેનામાંથી કોઈપણ બે કાવ્યપંક્તિ કે ગદ્યકંડિકાનું નિબંધાત્મક વિવરણ કરો.

(1) હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.

(2) જે પોષતું તે મારતું, શું નથી ક્રમ એ કુદરતી ?

(3) જીવનમાં શું કે કલામાં, અનુકરણ એટલે મરણ.

(4) કવિતા એ આત્માની કળા છે, અને એમાં આત્માના ધર્મો સ્ફુટ થાય છે.

18

3 નીચેના કાવ્યની રસલક્ષી સમીક્ષા કરાવો :

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા :
ડૂબ્યા અલકાતાં રાજ, ડૂબ્યા મલકાતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મને રોકે પંછાયો એક ચોકમાં :
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

- રાવજી પટેલ

અથવા

[ Contd...

18

3 નીચેના કાવ્યની રસલક્ષી સમીક્ષા કરાવો :

ધમાલ ન કરો, - જરાયે નહિ નેન ભીનાં થશો,-
ઘડી બે ઘડી જે મળી - નયનવારિ થંભો જરા,-
કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો !
ધમાલ ન કરો, ધરો બધી સમૃદ્ધિ માંગલ્યની,
ધરો અગરુ દીપ ચંદન ગુલાલ ને કુંકુમ;
ધરો કુસુમ શ્રીફલો ન ફરી જીવને આ થવો
સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો !
ધમાલ ન કરો, ન લો સ્મરણ કાજ ચિહ્ને કશું,
રહ્યું વિકસતું જ અન્ત સુધી જેહ સૌંદર્ય, તે
અખંડ જ ભલે રહ્યું, હૃદયસ્થાન તેનું હવે
ન સંસ્મરણ વા ન કો સ્વજન એ કદી પૂરશે.
મળ્યાં તુજ સમીપે અગ્નિ ! તુજ પાસ જુદાં થિયેં;
કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?

- રામનારાયણ વિ. પાઠક 'શેષ'

[ Contd..

17

4 નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો :

જીવન ચરિત્ર કરતાં આત્મચરિત્રની કિંમત વધારે હોય છે. માણસનો અનુભવ એકાંગી હોય છે. તે વિવિધ ઊંડો હોય કે છીછરો, જ્યાં સુધી એ મૌલિક છે ત્યાં સુધી એની કિંમત અસાધારણ હોય છે. કશું સિદ્ધ કરવાના સંકલ્પ કે આગ્રહ વગર માણસ જ્યારે પોતાના સંસ્મરણો આપી દે છે, ત્યારે સમાજ સ્થિતિના અધ્યયનની દૃષ્ટિએ એનો ઉપયોગ વધતો જાય છે. પણ કેટલીક વસ્તુઓ કાલ-નિરપેક્ષ હોય છે. મનુષ્ય-હૃદયની લાગણીઓ એના રસો અને એની મૂંઝવણો જેવી પ્રાચીન કાળમાં હતી તેવી જ આજે પણ છે. આ સનાતન વૃત્તિનો ચિતાર જો સમર્થક રીતે થયો હોય, તો મનુષ્યહૃદયને એ અસાધારણ તૃપ્તિ આપે છે. રામાયણ વાંચતી વખતે તે વખતનો સમાજ કેવો હતો તે શોધવા તરફ આપણું મન નથી દોડતું, પણ વાલ્મીકિ કે તુલસીદાસનું હૃદય મનુષ્યહૃદયને કઈ રીતે ચીતરે છે એ જોઈ આપણું હૃદય એ જ રાગમાં નાચવા માંડે છે અને દેશકાળનો ભેદ વટાવી જાય છે.

– કાકાસાહેબ કાલેલકર

અથવા

17

4 નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો :

વસ્તુતઃ સર્જક અને વિવેચક બંને જોડિયા ભાઈઓ જ છે. તત્વદૃષ્ટિએ તો વિવેચક પણ સર્જકના જેવો જ કલાકાર માલૂમ પડે છે. કોઈ પદાર્થો કે વિષયના સંસ્પર્શથી પોતાના ચિત્તમાં ઉદ્ભવેલી ઊર્મિઓને અન્યના ચિત્તમાં સંક્રાન્ત કરતો વિવેચક પણ એવો જ કલાકાર નથી ? એ પણ સાહિત્ય કે કલાની કૃતિના સંસ્પર્શથી - એના દર્શન, વાચન, અધ્યયન,

[ Contd...

મનન આદિરૂપ સંસ્પર્શથી - પોતાના ચિત્તમાં ઉદ્ભવેલી ઊર્મિઓને અન્યના ચિત્તમાં સંક્રાન્ત કરવાની જ પ્રવૃત્તિ કરી રહ્યો છે. તો પછી એને સર્જનશીલ કલાકાર શા માટે ન કહેવો ?... જે ભેદ કહેવામાં આવે છે તે કેવળ એમના ઉપાદાન વચ્ચેનો ઉપલક ભેદ જ છે. સર્જકનું ઉપાદાન પ્રત્યક્ષ જીવન છે, ત્યારે વિવેચકનું ઉપાદાન સર્જનપ્રતિબિંબિત પરોક્ષ જીવન છે. સર્જક ઈશ્વરનિર્મિત સૃષ્ટિનું આલેખન કરે છે, ત્યારે વિવેચક કવિનિર્મિત સાહિત્યસૃષ્ટિનું આલેખન કરે છે.

- વિશ્વનાથ મ. ભટ્ટ

## (2) સાહિત્યિક નિબંધો (Option-II)

**સૂચના :** નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1 નીચેનામાંથી ગમે તે **એક** વિશે વિસ્તૃત નિબંધ લખો : 35

(1) મધ્યકાલીન ભક્તિકવિતા.

(2) મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા.

(3) મધ્યકાલીન ગુજરાતી આખ્યાન : સ્વરૂપ અને વિકાસ.

(4) મધ્યકાલીન લોકસાહિત્ય.

2 નીચેનામાંથી ગમે તે **એક** વિશે વિસ્તૃત નિબંધ લખો : 35

(1) પંડિતયુગનું સાહિત્ય અને તેની લાક્ષણિકતાઓ.

(2) ગુજરાતી રંગભૂમિ અને ગુજરાતી નાટ્યસાહિત્ય.

(3) ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદી વલણો.

(4) સમૂહમાધ્યમો અને સાહિત્ય.

---

[ 9900 ]